# સાકરીયા ગામે બસની એડફેટે બાઈકચાલકના મોતથી હંગામો







## અકસ્માતમાં મોતથી ગ્રામજનો વિફર્યા : ૧ કલાક સુધી શામળાજી-ગોધરા હાઈવે ચક્કાજામ

મોડાસા, તા.૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા ગામે મંગળવારે સવારે ગોધરા-શામળાજી સ્ટેટ હાઈવે પર માલપુર તરફથી આવતી એસટી બસના ચાલકે ટક્કર મારતા બાઈક સવારના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે કમકમાટભર્યુ મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં રોષે ભરાયેલા સાકરીયાના ગ્રામજનો હાઈવે પર ઉતરી આવ્યા હતા અને રસ્તો બંધ કરી દીધો હતો. જેના કારણે ૧ કલાક સુધી હાઈવે પર વાહનોની લાંબી કતાર લાગી હતી. બીજી તરફ દોડી આવેલા અધિકારીએ સ્પીડબ્રેકર મુકવાની હૈયાધારણા આપતા ગામ લોકોએ રસ્તો ખુલ્લો કરતા વાહન વ્યવહાર પુનઃ શરુ થઈ શક્યો હતો.

મંગળવારે મોડાસા તાલુકાના સાકરીયા ગામના બસ સ્ટેન્ડ સામે શામળાજી-ગોધરા હાઈવે પર માલપુર તરફથી આવતી એસટી બસ (ગાડી નં. જીજે.૧૮. વાય.૫૩૬૧) પસાર થઈ રહી ત્યારે મોલ્લી-અણીયોર (તા.માલપુર) ગામના દોલાજી મયુરજી ખાંટ અને તેમના પત્ની કાળીબેન દોલજી ખાંટ (ઉ.વ.૪૫ વર્ષ) બાઈક લઈને અણીયોર-સાતરડાથી બાઈક લઈને હાઈવે પર ચઢી રહ્યા હતા ત્યારે બસની અડફેટે આવી જતા દોલાજી અને તેમની પત્ની બાઈક પરથી ફેંકાઈ ગયા હતા અને દોલાજી ખાંટના શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા પ્રાણ પ્રંખેરુ ઊડી ગયું હતું. અકસ્માત સર્જી એસટી બસનો ચાલક અને કંડકટર બસ ઘટના સ્થળે મુકી ભાગી ગયા હતા. આ બનાવ અંગે મોલ્લી ગામના કાળીબેને બસ ચાલક વિરુદ્ધ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ અકસ્માતને પગલે સાકરીયા ગામ લોકો દ્વારા હાઈવે જામ કરાતાં એલ એન્ડ ટી કંપનીના અધિકારીઓ અને અરવલ્લી જિલ્લા પોલીસ તંત્રના સક્ષમ અધિકારીઓએ ગામ લોકોને સમજાવી ટૂંક સમયમાં જ સ્પીડબ્રેકર મુકવાની હૈયાધારણા આપતા રસ્તા રોકો આંદોલન સમેટાયું હતું. હાઈવે પર ૧ કલાક સુધી ટ્રાફિક જામ રહેતા એસટી સહિતના વાહનોના પૈડાં થંભી ગયા અનેક લોકો અટવાયા હતા.

### સ્પીડબ્રેકર મુકવા હૈયાધારણા અનેકવાર આપવા છતાં મુકવામાં આવતા નથી

સાકરીયા ગામના પાટીદાર યુવા અગ્રણી અનિકેત ચેતનભાઈ પટેલ તથા અન્ય ગામના યુવાનો દ્વારા જણાવાયું હતું કે સાકરીયા બસ સ્ટેન્ડ અને આજુબાજુ વર્ષમાં ૮ થી ૧૦ અકસ્માત થાય છે અને કેટલાક નિર્દોષ લોકોએ જાન ગુમાવવા પડે છે. આ અંગે જવાબ તંત્ર અને રોડ નિર્માણ કરનાર કંપની એલ એન્ડ ટી.ના અધિકારીઓ આગળ અકસ્માત અટકાવવા સ્પીડ બ્રેકર મુકવા વારંવાર કહેવા છતાં કોઈ નક્કર પગલા ન ભરાતાં અને અકસ્માતની ઘટનાઓ અટકાવવા ગામલોકો દ્વારા હાઈવે જામ કરાયો હતો. અને જવાબદાર તંત્ર દ્વારા નક્કર હૈયાધારણમા મળતાં આંદોલન સમેટાયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### મહેસાણા આઈ.ટી.આઈ અને કડી કૌશલ્ય વર્ધન કેન્દ્ર ખાતે રાજગાર વાંચ્છુક માટે ભરતી મેળો

મહેસાણા, તા.૨૯

રાજયમાં ખાનગી એકમોમાં રોજગારીની વિપુલ તકો છે.ખાનગી ક્ષેત્રના ટેકનીકલ અને નોનટેકનીકલ એકમોમાં રોજગારી માટે ભરતી મેળો યોજાનાર છે.ભરતી મેળો ૩૦ ડિસેમ્બરના રોજ કૌશલ્ય વર્ધન કેન્દ્ર પ્લોટ નં જી-૨૧,પીનો બીસાઝા ગ્લાસ કંપનીની સામે.જી.આઈ.ડી.સી કડી (બુડાસણ બસ સ્ટેન્ડની પાછળ) સવારે ૧૧-૦૦ કલાકે તેમજ ૩૧ ડિસેમ્બરના રોજ ૧૧ કલાકે ઔધોગિક તાલીમ સંસ્થા પાણીની ટાંકી પાસે મહેસાણા ખાતે ભરતી મેળો યોજાશે. ખાનગીક્ષેત્રમાં એસ.એસ.સી, એચ.એસ.સી. સ્નાતકની લાયકાત ધરાવતા તેમજ ફીટર, વેલ્ડર, વાયરમેન અને રેફ્રીજેશનની લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકે છે. આ બન્ને દિવસો દરમિયાન શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો,બાયોડેટા સાથે ઉપસ્થિત રહેવા રોજગાર અધિકારી મહેસાણાએ જણાવાયું છે.

### મહેસાણા જિલ્લાનો સ્પેશિયલ ખેલ મહાકુંભ યોજાશે

મહેસાણા, તા.૨૯

રાજ્ય સરકારના યુવકે સેવા અને સાંસ્કૃતિ પ્રવૃતિઓના વિભાગ દ્વારા દર વર્ષે અસ્થિવિષયક ખામી ધરાવતા વિકલાંગો માટે મહેસાણા જિલ્લાનો સ્પેશયલ ખેલ મહાકુંભ યોજવામાં આવનાર છે.આ ખેલમહાકુંભમાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ ૨૮ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધીમાં ફોર્મ ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ વિસનગર ખાતે ભરી દેવાના રહેશે. ફોર્મ સાથે મેડીકલ સર્ટીફીકેટ, રેશનકાર્ડ, બસપાસની ઝેરોક્ષ, જન્મ તારીખના દાખલાની નકલ અથવા એલ.સીની નકલ, આઈ.એફ.સી કોડ સહિતની બેન્ક પાસબુક પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે લાવવાના રહેશે.

# થર્ટી ફર્સ્ટ નાઈટે વિદેશી દારૂની માંગને પહોંચવા બુટલેગરો સક્રિય

મોડાસા, તા.૨૯

ગુજરાત રાજયમાં થર્ટી ફર્સ્ટ ડિસે.ની ઉજવણી દરમિયાન વિદેશી દારૂની યુવાનો અને ઉજવણી કરતા લોકોમાં ભારે માંગ છે. આંતરરાજય બુટલેગરો અને રાજયના બુટલેગરો દ્વારા થર્ટી ફર્સ્ટ ડિસે. ની માંગને પહોંચી વળવા અને ગેરકાયદેસર વિદેશી દારૂનો વેપલો કરી રૂપિયા કરી રૂપિયા રળી લેવા યેનકેન પ્રકારે સક્રિય બન્યા છે. પોલીસ તંત્ર દ્વારા વિદેશી દારુની રેલમછેલ ઉપર લાલ આંખ કરતા આધારભૂત માહિતી પ્રમાણે બુટલેગરોએ થર્ડી ફર્સ્ટ અગાઉ કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડી દીધો છે. ખાખી વર્દીના આશીર્વાદથી વિદેશી દારૂના બુટલેગરો માટે સ્વર્ગ સમાન શામળાજી, રેલ્લાવાડા, ઉન્ડવા ચેકપોસ્ટથી વિદેશી દારૂના ભરેલા અનેક વાહનો આસાથી પ્રવેશી મોટાપાયે વિદેશીદારૂનો જથ્થો ઠલવાયાનું જાણવા મળતા પોલીસની નાકાબંધીનો પરપોટો ફુટ્યો છે. સોમવારે શામળાજી પોલીસ અને અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે રાજસ્થાન બાજુથી કારમાં ભરી ગુજરાતમાં લવાતા રૂા. ૪૧,૮૦૦ નો વિદેશી દારુ ઝડપી પાડી બે બુટલેગરોને જબ્બે કરી વિદેશી દારૂ તેમજકાર સહિત કુલ રૂા. ૩૪૧૮૦૦ નો મુદ્દેમાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

ગુજરાત રાજયમાં સરહદી રાજસ્થાનમાંથી રોજ નાના-મોટા વિદેશી દારુ સાથે ઉત્તર ગુજરાતની સરહદો પહોંચી રહ્યા છે. બાતમી હોય તો જ વિદેશી દારૂ ભરેલા વાહનો પકડવા પોલીસને સફળતા મળતી હોય છે. પરંતુ પોલીસ કરતા પણ બુટલેગરો વધુ ચબરાક સાબિત થઈ રહ્યા છે. જેમાં વિદેશીદારૂ લઈ જતા વાહનોને પણ જીપીઆરએસ સિસ્ટમથી સજજ બનાવાયા છે. જેથી રાજસ્થાનમાં બેઠાં બેઠાં જ બુટલેગરો વાહનોની ગતિવિધિ પર બાજ નજર રાખતા હોય છે થર્ડી ફર્સ્ટ ડિસે.ની ડ્રીંકીગ પાર્ટીઓમાં વિદેશી દારૂની મોટી માંગ રહેતા બુટલેગરોએ મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઘૂસાડી દીધો છે. શામળાજી, ઉન્ડવા, રેલ્લાવાડાના માર્ગેથી ગુજરાત રાજયના કુખ્યાત બુટલેગરોનો ઉપયોગ કરી રાત્રીના સમય દરમિયાન વિદેશી દારૂ ઘુસાડવા ભરપુર પ્રયાસ થયો હોવાનું જાણવા મળ્યું હતું.

### રતનપુર ચેકપોસ્ટ નજીક કારમાંથી ૪૧ હજારનો વિદેશી દારૂ ઝડપાયો : બે જબ્બે





સોમવારે વહેલી સવારે શામળાજી પોલીસે અને અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી રાજસ્થાન તરફી આવતી કાર (જીજે.૨૭. એએ. ૦૨૪૫) ને તપાસ અર્થે ઉભી રાખી તલાસી હાથ ધરાતા કારમાંથી વગર પાસ પરમીટ ભરેલી વિદેશી દારૂની ૮ પેટી જેમાં બોટલો નંગ ૧૪૮ કિંમત રૂા. ૪૧,૮૦૦ મળી આવી હતી. શામળાજી પોલીસે અમદાવાદ વિરાટ નગરના કતારસિંહ રાજપૂત અને રોહિત સુધીરભાઈ ત્રિપાઠીની ધરપકડ કરી પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુનોં નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



### અંબાજી મંદિરે સામુહિક શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

વર્ષ ૨૦૧૫નું ડિસેમ્બર માસ અંબાજી પંથકમાં ગોઝારો સાબીત થયો છે અને એક જ માસમાં સાતથી આઠ અકસ્માતો અંબાજી પંથકમાં સર્જાતા ૭ અલગ અલગ યુવાનોનાં મોંત નિપજતાં સમગ્ર પંથક શોકમગ્ન બન્યુ હતુ. જેને લઈને યાત્રાધામ અંબાજીનાં કૈલાસ ટેકરી મહાદેવ મંદિરનાં પ્રાંગણમાં માત નિપજેલાં ૭ યુવાનોની આત્માને શાંતિ મળે અને આવનારા સમયમાં ફરી આવી કોઈ ઘટનાઓ ન સર્જાય તે માટે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ અને ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ દ્વારા મહામૃત્યુજય જાપ સાથે યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં મૃત્યુ નિપજેલાં યુવાનોનાં પરીજનો પણ ઉપસ્થીત રહ્યા હતા.

### આગીયા ગામમાં રસ્તો રોકનાર ૨૦૦ના ટોળા વિરૂદ્ધ ફરિયાદ

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામે કારની ટક્કરથી યુવકના મોતના કારણે ગામ લોકોમાં રોષ ફેલાતાં હાઈવે ચક્કાજામ કરનાર પાંચ ઈસમોની નામ જોગ તથા ૨૦૦ના ટોળા વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલે ફરિયાદ નોંધાવતા ગામ લોકોમાં આક્રોશ ફેલાયો છે.

રવીવારે સવારે આગીયા ગામે સત્કાર હોટલ પાસે સત્કાર હોટલ પાસે ગામના રાજેન્દ્રસિંહ હિંમતસિંહ દેવડાના બાઈકને પાછળથી આવતી કારના ચાલકે ટક્કર મારતા રાજેન્દ્રસિંહનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું તેથી વારંવાર અકસ્માતમાં ગામના રહીશોનાં થતાં કમોત અને સ્પીડબ્રેકર મુકવાની માંગણી ન સંતોષાતા ગામ લોકો દ્વારા ચક્કાજામ કરવામાં આવ્યો હતો. જેથી હાઈવે ૩ કલાક સુધી ટ્રાફિકજામ રહેતા એસટી સહિતના વાહનોનાં પૈડા થંભી ગયા હતા. ઑકટોબર-૧૪માં સ્પીડબ્રેકર મુકવાની માંગણીને લઈને ગામ લોકોએ ચક્કાજામ કરતાં તંત્ર દ્વારા હૈયાધારણા આપવામાં આવી હતી. પણ આજદિન સુધી ખાતરીનું પાલન થયું નથી. દરમિયાન રવિવારે ગામનાં યુવકનું કરૂણ મોત થતાં લોકોમાં રોષ ફેલાયો હતો અને ચક્કાજામ કર્યો હતો. પણ અકસ્માત અટકાવાનાં પગલાં ભરવાને બદલે તંત્ર દ્વારા આગીયા ગામના અજિતસિંહ અમરસિંહ દેવડા, ફલજીભાઈ કોદરભાઈ પટેલ, મહેન્દ્રસિંહ દરજણસિંહ વાઘેલા, લિયાકત મનસુરી તથા અજય ડાઘો સહિત ૨૦૦ના ટોળા વિરુદ્ધ હેડ કોન્સ્ટેબલ ભીખાભાઈ ગલાભાઈએ ફરિયાદ નોંધાવતાં ગામલોકોમાં તંત્ર વિરુદ્ધ રોષ ફેલાયો છે.

# ડીસાના સુથીયા ગામે ઝટકા મશીનથી નીલગાયનું મોત

## ફોરેસ્ટ અધિકારીએ તપાસમાં ભીનું સંકેલ્યું હોવાની ગામ લોકોની રાવ : ઝટકા મશીનથી પશુની સાથે સાથે લોકો પણ મોતને ભેટી રહ્યા છે : ખેતરોમાં લાગેલા જીવલેણ ઝટકા મશીન હટાવવા લોકોની તંત્રને અપીલ


ધાનેરા, તા.૨૯

બનાસકાંઠા જીલ્લામાં ખેડૂતો પોતાનો પાક બચવવા માટે અવનવા પ્રયોગો કરી રહ્યા છે પરંતુ જયારે આ પ્રયોગ લોકો માટે કે પશુ માટે જીવલેણ બની જાય છે ત્યારે ખેડૂતો ની મુશકેલી વધી જાય છે પાક બચાવવા માટે ખેડૂતો કોઈનો જીવ લેતા પણ અચકાતા નથી અને જીલ્લાનું તંત્ર ચુપચાપ તમાશો જોયા કરે છે ખેતરો માં લગાવેલા ઝટકા મશીન શું યોગ્ય કહેવાય તે એક સવાલ ઉભો થાય છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાના સુથીયા ગામે એક ખેડૂતે પોતાના ખેતરમાં બાંધેલા વાયરને નીલ ગાય અડી જતા નીલ ગાયનું મોત નીપજ્યું હતું અને ખેડૂતે તંત્રની બીકે ટ્રેક્ટર દ્વારા નીલગાયને બાંધી ખેતર ખાડો ખોદી દાટી દીધી હતી પરંતુ જયારે આ વાત ગામમાં વાયુવેગે પ્રસરી જતા ગામમાં ચકચાર મચી જવા પામી હતી અને ગામલોકો દ્વારા ફોરેસ્ટ વિભાગને જાણ કરતા ફોરેસ્ટ વિભાગની ટીમ તાત્કાલિક સુથીયા ગામે દોડી આવી હતી અને અને ખેતરમાં દાટેલી નીલ ગાયને બહાર નિકાળી નીકળી પંચનામું કરી તપાસ હાથ ધરી હતી. પરંતુ જયારે આ બાબતે ફોરેસ્ટ અધિકારીને પુછાતા તેને કેમેરા સામે કંઈપણ કહેવાનો ઇન્કાર કરી દીધો હતો અને પોતાનું નામ પણ છુપાવી રહ્યો આ અધિકારી કેમ પોતાનું નામ છુપાવ્યું ક્યાંક આ અધિકારી કેસને ફાઈલ તો નહિ કરી દેને આવા અનેક સવાલો ગામમાં ઉઠવા પામ્યા હતા.

આ તો વાત હતી ડીસા તાલુકાના સુથીયા





ગામની કે જ્યાં ઝટકા મશીનના વચથી નીલગાયનું મોત નીપજ્યું છે પણ બનાસકાંઠા જીલ્લા કેટલાક ગામમાં તો ઝટકા મશીન થી લોકો પણ મોતને ભેટ્યા છે જેથી સરકાર હવે જાગે અને ખેતરોમાં લગાવેલા ઝટકા મશીનો દુર કરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેડબ્રહ્મામાંથી ૩.૫૦ લાખનું ડાલુ ચોરાયું

ખેડબ્રહ્માના આરાદના સિનેમા પાસે રહેતા યુસુફભાઈ ગુલાબનબી ખાટકીનું ડાલું નંબર. જીજે.૨૩.વી.૩૩૩૨ મંગળવારે રાત્રીના જીરો કલાકથી ૬.૩૦ વાગ્યાના સમય દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. યુસુફભાઈએ અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મલાસા ગામ પાસે ગોઝારા વળાંકમાં સ્કુટીચાલક યુવાનનું કરૂણ મોત

અરવલ્લી જીલ્લાના ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ મલાસા ગામ પાસે ગોઝારા વળાંકમાં સમી સાંજે ટી.વી.એસ. જયુપીટર સ્કુટી ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતાં મઉં ગામના નવયુવાન હર્ષદકુમાર અમરતભાઈ ચેનવા, આશરે ઉંમર.વર્ષ-૧૮ નું કરૂણ મોત નિપજ્યું હતું.ઘટનાસ્થળે સગાં-સબંધીઓ અને લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા. નવયુવાનના મૃતદેહનું પી.એમ. ભિલોડા કોટેઝ હોસ્પિટલ મેડીકલ ઓફીસર ધ્વારા કરાયું હતું. મઉં ગામનો નવયુવાનનો મૃતદેહ પરીવારજનોને સોંપતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

### સાબલી ગામના ડેમ સાઈટ પરથી બાઈક ચોરાતા ફરિયાદ

ઈડર તાલુકાના સાબલી ગામની સીમમાં આવેલ ડેમ સાઈટ પર ગત તા.૨૦ ડિસેમ્બરના રોજ સંજયસિંહ વખતસિંહ પરમાર બાઈક નં.જીજે.૯.સીડી.૭૭૮૩ લઈને ગયા હતા. ત્યારબાદ તેઓ ડેમ સાઈટ પરથી પરત આવ્યા ત્યારે બાઈક ન દેખાતા તેમણે શોધખોળ કરી હતી. પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. જેથી તેમણે રવિવારે રૂા.૪૦ હજારનું વાહન ચોરાયાની ફરિયાદ જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.